ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ચરોતરમિત્ર



# ખેડા પાલિકાએ 11 લાખના ખર્ચે બનાવેલું શૌચાલય તોડી પાડ્યું

**નવીન સિવિલ** હોસ્પિટલનો મુખ્ય દરવાજો વધુ પહોળો બનાવવાના પગલે 6 દુકાન પર બુલડોઝર ફરી વળ્યુ



(પ્રતિનિધિ) ખેડા તા.18

ખેડા નગરપાલિકા વિસ્તારમાં લોકહિતના બાંધકામોને તોડી પાડવાના સિલસિલાએ પ્રજાના પૈસાના દૂરવ્યય અંગે ગંભીર સવાલો ઊભા કર્યા છે. ખેડા નગરપાલિકા વિસ્તારમાં 5 કરોડ ઉપરાંતનો આરો પ્લાન્ટના વિશાળ મકાનને તોડી પાડી લાખો રૂપિયાની ધૂળધાણી કરવામાં આવી હતી. હવે, નગરપાલિકાએ 2016માં સરકારી જગ્યાએ અંદાજિત 11 લાખના ખર્ચે બનાવેલા શૌચાલયનો ભોગ લીધો છે.

ખેડામાં અંદાજિત 24 કરોડના ખર્ચે નવીન હોસ્પિટલનું કામ તેના અંતિમ તબક્કામાં ચાલી રહ્યું છે. આ નવીન સિવિલ હોસ્પિટલનો મુખ્ય દરવાજો વધુ પહોળો બનાવવાની જરૂરિયાતને કારણે, ખેડા સિવિલના મુખ્ય દરવાજા પાસે અડીને સરકારી જગ્યા પરની નડતર રૂપ દુકાનો દૂર કરવા કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં કુલ 6 દુકાનોની સાથે 1 જાહેર જનતા માટે બનાવેલું શૌચાલય પણ તોડી પાડવામાં આવ્યું હતું. આ શૌચાલય પાલિકા દ્વારા 11 લાખના ખર્ચે બનાવવામાં આવ્યું હતું.

આ 11 લાખના ખર્ચે બનેલું શૌચાલય 2016માં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ખેડા પાલિકાએ વડોદરાની 'માઁ સામાજિક સેવા સંસ્થા' પાસે 20 વર્ષનો કરાર કરીને બનાવ્યું હતું. સવાલ એ છે કે 11 લાખના ખર્ચે બનાવેલા શૌચાલયને તોડીને ફરી વખત લાખો રૂપિયાને વેડફી નાખ્યા છે.

આમ, પ્રજાના પૈસાનો આવો કેવી રીતે વહીવટ થઈ રહ્યો છે તે બાબતે ખેડા નગરની પ્રજા પાલિકાને પ્રશ્ન કરી રહી છે. પ્રજાના પરસેવાના નાણાંનો દૂરવ્યય જોવાની જિલ્લા વહીવટી તંત્રની ઉદાસીનતા પારદર્શી વહીવટની પોલ ખુલ્લી પાડે છે.

## આણંદમાં ક્રિકેટના ખેલાડી માટે પસંદગી કેમ્પ યોજાશે

(પ્રતિનિધિ) આણંદ તા.18

આણંદ ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશન તરફથી અંડર-23 અને સિનિયરનો સિલેકશન કેમ્પ યોજાશે. આણંદ શહેરના શાસ્ત્રી મેદાન ખાતે 2026-27માં ગુજરાત ક્રિકેટ એસોસિએશન દ્વારા આયોજીત ડિસ્ટ્રીક્ટ ટુર્નામેન્ટ માટે આણંદ જિલ્લાની ટીમના ખેલાડીઓની પસંદગી કેમ્પ રાખવામાં આવ્યો છે. આ કેમ્પ 20મી ડિસેમ્બરને શનિવારના રોજ શાસ્ત્રી મેદાન ખાતે રાખવામાં આવ્યું છે. આથી, ઈચ્છા ધરાવતા અન્ડર-23 તથા સિનિયર ખેલાડીને સફેદ ડ્રેસમાં પોતાની કીટ, બર્થ સર્ટીફિકેટ, આધાર કાર્ડ સાથે સવારે 7-30 કલાકે હાજર રહેવું. અંડર-23 માટેની બર્થ કટ ઓફ ડેટ 1લી સપ્ટેમ્બર, 2003થી 31મી ઓગષ્ટ, 2007 અને 23 વર્ષની ઉપરના સિનિયર પણ આ દિવસે રાખવામાં આવ્યા છે.

### આણંદની ગલિયારીઓમાં ગોગોપેપરનું વેચાણ નખ્ખોદ વાળશે

# આણંદ જિલ્લામાં 12 સ્થળ પર ગોગોપેપરનો કારોબાર પકડાયો

**નશાકારક** ગોગોપેપરની ફુંકમાં યુવાધન બરબાદ

(પ્રતિનિધિ) આણંદ, તા. ૧૯

આણંદ જિલ્લામાં બાર જેટલા સ્થળો પર પોલીસ કાર્યવાહી કરી હતી. જેમાં પાન પાર્લરો છુટક, કરિયાણાની દુકાનો પર યુવાધનને બરબાદી સુધી લઈ જતી નશાખોર પ્રવૃતીઓ પકડાઈ છે. પોલીસે રોલીંગ પેપર,ગોગો સ્મોકીંગ કોન,પરફેક્ટ રોલનું વેચાણ થતુ પકડાયુ છે.

આણંદ જીલ્લા પોલીસે નશામુકત ગુજરાત મુહિમ અંર્તગત ગુનાખોરીને પકડવા માટે સંકજો કસીને ઠેરઠેર કામગીરી શરૂ કરી હતી. જેમાં લાંભવેલ ગામ પાસે આવેલા તળાવની બાજુમાં ન્યુ એકતા પાન પેલેસમાં પોલીસે છાપો મારી દુકાનના કાઉન્ટર પરથી જુદી જુદી પ્રકારના પેપર કોન સ્ટ્રીપ નંગ.21 કિમંત રૂ.250 પકડાયુ હતુ.જે અંગે પોલીસે સમીરમીયા ફરીદમીયા મલેક (રહે.લાંભવેલ) સામે આણંદ રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધી હતી.

આણંદ શહેરના ધમધમતા એવી રોડ પર પણ યુવાધનને ખતમ કરતુ કારસ્તાન પકડાયુ હતુ. હરિકૃષ્ણ શોપીંગ સેન્ટરના મહાલક્ષ્મી પાન પોઈન્ટ નામની દુકાનમાં પ્રતિબંધીત ગોગોસ્મોકીંગ પેપરકોન તથા સ્ટ્રીપ કુલ નંગ.191 કિમંત રૂ.2695 નો નશાકારક માલસામાન મળી આવ્યો હતો. જે અંગે પોલીસે દિપક કેશવલાલ સંધવાણી (રહે,આણંદ) અને નશાકારક માલસામાન પહોંચાડનાર આરીફ સામે આણંદ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. આણંદ ગુજરાતી ચોકમાં પણ વૈભવ પાન કોર્નર નામની દુકાનમાં દુકાનદાર એઝાઝ નુરમહમંદ વ્હોરા પણ ગોગો સ્મોકીંગ પેપર કોન 125 કિંમત 1775 ના નશાકારક માલસામાન સાથે પકડાયો હતો. જેને નશાકારક માલસામાન આરીફ નામનો શખસ પહોંચાડતો હોવાથી પોલીસે બન્ને સામે ફરીયાદ નોંધી હતી. આ તરફ આણંદ સામરખા ચોકડી આદર્શ હોટલ પાસે અંબિકા પાન પેલેસ નામની દુકાનમાંથી પ્રી રોલડ કોનસ 43 કિંમત 430 સાથે પૃથ્વીસિંહ અમરસિંહ રાજપુત (રહે.આણંદ) પકડાયો હતો. ગેલોપ્સ મોલના પાર્કીગમાં આવેલા વોરા પાન પાર્લરમાંથી દુકાનદાર અનસ અબ્દુલરઝાક વ્હોરા (રહે.આણંદ) ગોગો સ્ટ્રીપ 400 કિંમત રૂ.6400- સાથે પકડાયો હતો.

ખંભાત બુખારી પ્રોવિઝન સ્ટોરમાં નશાનો કારોબાર પકડાયો હતો. નાશીરહુશેન અબ્દુલ રહેમાન શેખ (રહે. ખંભાત) ગોગોસ્ટ્રીપ તથા પેપરકોન 172 કિંમત રૂ.1720 સાથે ઝડપાયો હતો. આણંદના બાકરોલ ગેટ પાસે બીએપીએસ પાર્લર પણ નશાનું એપી સેન્ટર સાબિત થયુ હતુ.કો એન કો પરફેકટ રોલ સ્ટેશ પ્રો પેપર 36 સહિત કુલ 1200 ના મુદ્દામાલ સાથે દુકાન પરથી અજય અરવિંદ ઠાકોર પકડાયો હતો. વલ્લભ વિદ્યાનગર જલુ આર્કેડના બજરંગ પાન પાર્લરમાં પારસમલ સોહનલાલ લોહાર પાસેથી પ્રી રોલ્ડ કોનસ 52 કિંમત રૂ.780ના મુદ્દામાલ સાથે ઝડપાયો હતો. કરમસદ ક્રિષ્ના ટી એન્ડ નાસ્તા હાઉસમાંથી પરફેક્ટ રોલ કુલ 22 સાથે વિજય રમેશભાઈ પઢિયાર (રહે.આસોદર) ઝડપાયો હતો. કરમસદ તુલસી પાનમાં પણ નશાનો ગોરખધંધો ધમધમતો હતો.દુકાનદાર મીત જયેશભાઈ શાહ (રહે.ગાના) કોનકો પરફેકટ રોલ 35 કિમંત રૂ.535 ના મુદ્દામાલ સાથે પોલીસ પકડમાં આવ્યો હતો. ન્યુ વિદ્યાનગર એડીઆઈટી કેમ્પસમાં પણ નશાનું કારસ્તાન પ્રવેશી ગયુ હતુ.અને જેનિલ કોર્નર પરથી પ્રી રોલ્ડ કોનસ નંગ.44 સહિત 710નો નશાકારક મુદ્દામાલ સાથે મહેશ ખોડાભાઈ પટેલ રહે. મોગરી ઝડપાયો હતો.તે સાથે એડીઆઈટી કેમ્પસના શિવશકિત ફુડ ઝોનમાંથી પણ પ્રી રોલડ કોનસ 51 કિંમત રૂ.765 સાથે ભૌમિક મફતભાઈ પટેલ (રહે. નાવલી) ઝડપાયો હતો.

### નડિયાદમાં રોલીંગ સ્મોકીંગ કોન અને ગોગો પેપર્સના જથ્થા સાથે એક ઈસમ ઝડપાયો



રાજ્ય સરકારના ગૃહ વિભાગ દ્વારા સગીરો અને યુવાઓમાં નશાની પ્રવૃત્તિ અટકાવવા માટે રોલીંગ પેપર, ગોગો સ્મોકીંગ કોન અને પરફેક્ટ રોલ જેવી ચીજવસ્તુઓના વેચાણ પર પ્રતિબંધ મૂકતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. નડિયાદ ટાઉન પોલીસ સર્વેલન્સ સ્ક્વોડ તપાસમાં હતી. તપાસ દરમિયાન દુકાનમાંથી 10 બોક્સ જેમાં કુલ 50 પેપર હતા, જેની કિંમત 500 રૂપિયા તથા અન્ય મુદ્દામાલ મળી કુલ 800 રૂપિયાનો જથ્થો કબજે કરવામાં આવ્યો છે. પોલીસે આ મામલે ઇમરાનભાઈ ઇસ્માઇલભાઈ મલેક, રહેવાસી હિના પાર્ક સોસાયટી, મરીડા રોડ, નડિયાદની ધરપકડ કરી આરોપી વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

# ઉમરેઠ પોલીસે ફિલ્મી ઢબે 18.51 લાખનો દારૂ પકડ્યો

**ડાકોરના બુટલેગર** સુધી દારૂ પહોંચે તે પહેલા પોલીસે પકડી પાડ્યો



(પ્રતિનિધિ) ઉમરેઠ તા.18

ઉમરેઠ પોલીસે વાહન ચેકીંગ દરમિયાન પીકઅપ ડાલાને રોકવા કોશિષ કરી હતી. પરંતુ તેના ચાલકે વાહન રોક્યું નહતું. આથી, પોલીસે ફિલ્મીઢબે પીછો કરી ડાલાને આંતરિ લીધું હતું અને તેમાં તપાસ કરતાં 18.51 લાખનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં આ દારૂ ડાકોરના બુટલેગરને પહોંચાડવાનો હતો. આ અંગે ઉમરેઠ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઉમરેઠ પોલીસે નવાપુરા રોડ પર મોટી કાર્યવાહી કરી છે, જેમાં વિદેશી દારૂ ભરેલા પીકઅપ ડાલાનો ફિલ્મી ઢબે પીછો કરીને કુલ 18,51,500નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ઉમરેઠ પોલીસને મોડી રાત્રે હાઈવે પર બાતમી મળી હતી કે, ડાકોરનો બુટલેગર રાજુ નવલસિંહ દરબાર (ઉર્ફે રાજ સોલંકી) પોતાના પીકઅપ ડાલામાં વિદેશી દારૂનો જથ્થો ભરી ઉમરેઠથી ડાકોર તરફ જઈ રહ્યો છે. આ બાતમીના આધારે કોન્સ્ટેબલ મૂળરાજસિંહ અને તેમની ટીમ વોચમાં હતી, અને જ્યારે શંકાસ્પદ વાહન આવતા પોલીસે તેને રોકવાનો ઈશારો કર્યો હતો. પરંતુ બુટલેગરે વાહન ભગાડી મૂક્યું હતું.

આથી, પોલીસે રખીયાલ રેલવે ફાટકથી નવાપુરા રોડ સુધી પીછો કર્યો હતો. પરંતુ આરોપીઓ વાહન મૂકી અંધારાનો લાભ લઈને ખેતરોમાં નાસી છૂટ્યા હતા. આથી, પોલીસે પીકઅપ ડાલાની તપાસ કરતાં અંદરથી મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો મળી આવ્યો હતો. અલગ અલગ બ્રાન્ડનો કુલ રૂ.18,51,500નો દારૂ મળી આવ્યો હતો. આ અંગે પોલીસે ફરાર આરોપી રાજુ સોલંકી અને તેના સાગરીત વિરુદ્ધ વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી, તેઓને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

આણંદ જિલ્લામાં થર્ટીફર્સ્ટ નજીક આવતી જાય છે, તેમ વિદેશી દારૂના કારોબાર વધુ પકડાતો જાય છે.

# આણંદના ગામડી ગામમાં બોગસ ડોકટર પકડાયો

**એલીસીબીએ રૂ.24** હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો



(પ્રતિનિધિ) આણંદ, તા. 18

આણંદ ગાયત્રી મંદિર પાછળ ગામડીમાં બનાવટી ડોકટરનું દુપ્પલ પકડાયુ હતુ.જે અંગે આણંદ ટાઉન પોલીસે ફરીયાદ નોંધી હતી. આ શખસ છેલ્લા ત્રણ વર્ષથી પ્રેક્ટિસ કરતો હતો.

આણંદ ગાયત્રી મંદિર પાછળ ગામડીમાં બનાવટી ડોકટર અંગેની બાતમી હકીકતના આધારે એલસીબીએ રેડ પ્લાન કરી હતી.અને છાપો માર્યો હતો.ત્યારે લોખંડની જાળી વાળા મકાનમા જતા ટેબલ ખુરશી પર અરવિંદભાઈ પીટરભાઈ પરમાર રહે,આણંદને દબોચી લેવાયો હતો.અને પકડાયેલ બનાવટી ડોકટર કોઈ તબીબી પ્રમાણપત્ર વગર દવા સારવાર કરી લોકોના સ્વાસ્થય સાથે ચેડા કરતો હતો. તે સાથે નકલી ડોકટર પાસેથી સ્ટેથોસ્કોપ.બીપી માપવાનું મશીન સહિત એલોપેથીક દવાઓનો જથ્થો પકડાયો હતો. જે અંગે એલીસીબીએ 24247-નો મુદ્દામાલ કબ્જે કરી પકડાયેલ નકલી ડોકટર સામે આણંદ ટાઉન પોલીસમાં ફરીયાદ નોંધી આગળ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### કરમસદના ચારૂતર આરોગ્ય મંડળના ચેરમેન અતુલભાઇ પટેલનો વિદાય સમારંભ યોજાયો



**આણંદ |** કરમસદના ચારૂતર આરોગ્ય મંડળના ચેરમેન અતુલભાઈ પટેલનો વિદાય સમારંભ ભાઈકાકા યુનિવર્સિટી ખાતે યોજાયો હતો. આ સમારંભમાં ચારૂતર આરોગ્ય મંડળના સેક્રેટરી અમિત પટેલ, ભાઈકાકા યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ડો. ગૌરી ત્રિવેદી અને અન્ય મહાનુભાવોની હાજરીમાં અતુલભાઈનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડો.અભય ધરમસીએ જણાવ્યું હતું કે, અધ્યક્ષ તરીકેના તેમના સાત વર્ષના કાર્યકાળ દરમિયાન, તેમણે કુશળ વ્યવસ્થાપન દ્વારા મંડળને પરિવર્તનશીલ નેતૃત્વ પૂરું પાડ્યું હતું. જોકે, અતુલભાઈએ જાહેર કર્યું કે, ભાઈકાકા યુનિવર્સિટીના 107 જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવશે.

### કપડવંજની સ્પંદન બાલમંદિર મંદિરના બાળકો મજરાપોળ અને પોસ્ટ ઓફિસની મુલાકાત લીધી



**કપડવંજ |** કપડવંજ કેળવણી મંડળ સંચાલિત સ્પંદન બાલમંદિરના બાળકોને પાંજરાપોળની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. બાળકોને ગાય, વાછરડા, સસલા વગેરે પ્રત્યક્ષ બતાવવામાં આવ્યું હતું. ટ્રસ્ટી દ્વારા પાંજરાપોળની કામગીરી વિશે સમજાવ્યું હતું. પશુ ચિકિત્સક દ્વારા બાળકોને પશુને કેવી રીતે સારવાર આપવામાં આવે છે, તેની સમજ આપીવામાં આવી હતી. બાળકોને પોસ્ટ ઓફિસની પણ મુલાકાત કરાવી હતી. પોસ્ટ ઓફિસના મેનેજર બાબુભાઈએ બાળકોને પોસ્ટકાર્ડ, અંતર્દેશીય પત્ર અને ટિકિટ બતાવીને તેના ઉપયોગ વિશે સમજાવ્યું હતું.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### બાકરોલની સ્પેક, ફાર્મસીમાં નેશનલ ફાર્માસિસ્ટ વીકનું આયોજન કરાયું



**આણંદ |** તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક) સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ ફાર્મસીના કલ્ચરલ સેલ દ્વારા નેશનલ ફાર્માસિસ્ટ વીક પ્રોગ્રામનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. નેશનલ ફાર્માસિસ્ટ વીક સેલિબ્રેશનના ભાગરૂપે સ્પર્ધા સહિત વિવિધ આયોજનો કરવામાં આવ્યા હતા. આ વિવિધ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેમાં કેન્વાસ પેઈન્ટિંગ સ્પર્ધામાં પ્રિયંકા દુનિયાએ પ્રથમ અને વિધિ પ્રજાપતિએ બીજો ક્રમ મેળવ્યો હતો. ન્યુટ્રીશન ફૂડ ફેસ્ટ સ્પર્ધામાં વંદન પટેલે પ્રથમ અને વહોરા શાનાએ બીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જ્યારે ફાર્મસી રિસર્ચ પ્રેઝન્ટેશન સ્પર્ધામાં ભારવડ અર્જુન અને વિધાન પંચાલે સંયુક્ત રીતે પ્રથમ ક્રમ મેળવ્યો હતો.

### બાસુદીવાલા હાઇસ્કુલના 50 વિદ્યાર્થિનીને સમૃદ્ધિ યોજનાથી લાભાન્વિત કરાઈ



**નડિયાદ |** નડિયાદની શૈક્ષણિક સંસ્થા બાસુંદીવાલા હાઈસ્કૂલમાં નડિયાદના મારુતિ ટ્રસ્ટ દ્વારા શાળાને વિવિધ પ્રકારની વિકાસની કામગીરી માટે એક લાખનું દાન અને સરકારની સુકન્યા સમૃદ્ધિ યોજના માટે 50 વિદ્યાર્થિનીને બેંકના ખાતા ખોલવા સહિત તેમાં ધનરાશિ મૂકીને લાભાન્વિત કરાઈ હતી. આ કાર્ય મારુતિ ટ્રસ્ટના ચેરમેન જૈમીનભાઈ મહેતા અને સર્વ ટ્રસ્ટી મંડળની ઉપસ્થિતિમાં સંપન્ન થયું હતું . આ દાનનો સ્વીકાર ખેડા જિલ્લા એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ અને નડિયાદના અગ્રણી વેપારી બીપીનભાઈ શાહે સ્વીકારીને સંસ્થાનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે મહાદાનવીર અને જેઓની પ્રથમ પુણ્યતિથિ નિમિતે આ કાર્યક્રમ યોજાયો હતો. એવા સ્વ. વિણાબેન ઠાકોરભાઈ પટેલને સૌએ પુષ્પાંજલિ પણ અર્પણ કરી હતી.

### આણંદના બ્રહ્માકુમારીઝના નવનિર્મિત ભવન પ્રભુસ્મૃતિમાં મહિલાઓ માટે કાર્યક્રમ યોજાયો



**આણંદ |** બ્રહ્માકુમારી દ્વારા રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ દિવસના ઉપલક્ષમાં શિવ શક્તિ લીડરશીપ અપ્રોચ કાર્યક્રમ યોજાયો હતો. મહિલાઓને સશક્ત બનાવવા માટેના પ્રોજેક્ટમાં વુમેન એસોસિયેશન, કોલેજીસ, અલગ અલગ સમાજની મહિલાઓએ બહુ રુચિ સાથે ભાગ લીધો હતો. ચીફ ગેસ્ટ તરીકે પધારેલા આશાબેન દલાલ (જાગૃત મહિલા સંગઠનના પ્રમુખ), માઉન્ટ આબુથી પધારેલા રાજયોગની ડો.સુનિતા દીદીજી, આણંદ બ્રહ્માકુમારીઝ સેન્ટરના મુખ્ય સંચાલિકા રાજ્યોગીની સંધ્યા દીદી, એમના સાથે બ્રહ્માકુમારીઝના બહેનો અને પ્રોજેક્ટના ટીમ મેમ્બર્સ ઉપરાંત નીપા પટેલ (સેક્રેટરી ગુજરાત બીજેપી મહિલા મોરચા), મીના સોની (પ્રેસિડેન્ટ ઓફ આણંદ જિલ્લા મહેશ્વરી મહિલા મંડળ ), નિમિષા પી. દવે વિગેરે હાજર રહ્યાં હતાં.

### ચરોતર મોટી 27 લેઉવા પાટીદાર સિનિયર સિટીઝન ફોરમ દ્વારા ભજન સંધ્યા યોજાઇ



**આણંદ |** ચરોતર મોટી 27 લેઉવા પાટીદાર સિનિયર સિટીઝન ફોરમ દ્વારા યોજાયેલી ભજન સંધ્યા કાર્યક્રમ સંસ્થાના પ્રમુખ ચીમનભાઈ એ.પટેલના અધ્યક્ષ સ્થાને તથા ભોજન પ્રાયોજક વિનુભાઈ એમ. પટેલ (શ્રોફ), અરુણાબેન વી. પટેલ, મનુભાઈ એમ. પટેલ (અખાડીયન), સંસ્થાના ઉપપ્રમુખ દિનેશભાઈ (દિનશા) પટેલ, મંત્રી ભાનુભાઈ ડી.પટેલ વગેરે મહાનુભાવોને ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ્રમુખ ચીમનભાઈ એ.પટેલે અધ્યક્ષ સ્થાનેથી પ્રાસંગિક વક્તવ્ય આપી સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે મંત્રી ભાનુભાઈ ડી.પટેલે મહાનુભાવો, ભોજન પ્રાયોજક વગેરેનો વિસ્તૃત પરિચય આપી સંસ્થાની ગતિ વિધિ તથા આગામી કાર્યક્રમની માહિતી આપી હતી. આ પ્રસંગે જન્મદિન કાર્યક્રમનું સંચાલન મીનાબેન પટેલ અને સમગ્ર કાર્યક્રમનું ભાનુભાઈ ડી.પટેલે સંચાલન કરીને અંતે આભાર વિધિ કરી હતી.

### સરદાર પટેલ યુનિવર્સિટીના પૂર્વ કુલસચિવ ડો. રામસિંહ રાજપૂતના પુસ્તકનું વિમોચન કરાયું



**આણંદ |** વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીના પૂર્વ કુલસચિવ ડો. રામસિંહ રાજપૂત દ્વારા લીખીત 'ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એક્ટ 2023, યુનિવર્સિટીમાં પરિવર્તનનો રાજ્ય સરકારનો સફળ પ્રયાસ' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નોર્થ અમેરિકા રાજપૂત સમાજ એસોસિએશન (કેનેડા) ના પ્રમુખ નરેશભાઈ ચાવડા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. આ ઉપરાંત રાજ્ય કક્ષાના મંત્રી સ્વરૂપજી ઠાકોર, ધારાસભ્ય લવીંગજી ઠાકોર વિગેરે હાજર રહ્યાં હતાં. ડો. રામસિંહ રાજપૂત દ્વારા યુનિવર્સિટીના વહીવટ ઉપર આ પાંચમું પુસ્તક છે.

### આસોદર ગ્રામ પંચાયતના સહયોગથી દિવ્યાંગતા પ્રમાણપત્ર મેળવવાનો કેમ્પ યોજાયો



**આંકલાવ |** આસોદરના રાજીવ ગાંધી ભવન ખાતે 'સોલ્સ આર્ક' સંસ્થા મુંબઈના ઉપક્રમે આસોદર ગ્રામ પંચાયતના સહયોગથી દિવ્યાંગજનો માટે દિવ્યંગતા પ્રમાણપત્ર મેળવવા માટેના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. બાદમાં આવેલ. દિવ્યાંગજનો ને દિવ્યાંગતા સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આસોદર ગામમાં 207 જેટલા દિવ્યાંગજનોની ઓળખ થઈ હતી. જેમાં 149 ને દિવ્યાંગતા પ્રમાણપત્ર માટે ફોર્મ ભર્યું હતુ અને 57 દિવ્યાંગ વ્યક્તિને દિવ્યાંગતા પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના ડાયરેક્ટર મિલનબેન વ્યાસ, નેહાબેન પ્રો. ડાયરેક્ટર, ભાવેશભાઇ ડાયરેક્ટર ફંન્ડરાઇઝિંગ મહેન્દ્રા કંપની વિગેરે હાજર રહ્યાં હતાં.

### ગળતેશ્વરના ભરમા ગામના અગ્નિવીરનું લાયન્સ ક્લબ દ્વારા સન્માન કરાયું



**સેવાલિયા |** ગળતેશ્વર તાલુકાનાં અંતરિયાળ ભરમા ગામના વતની અગ્નિવીર નરેશકુમાર મુકેશભાઈ ઝાલાનું લાયન્સ ક્લબ બાલાસિનોર દ્વારા શાલ ઓઢાડી, પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે ભરમા પ્રાથમિક શાળા પરિવારે પણ અગ્નિવીરનું સન્માન કર્યું હતું. આ ઉપરાંત યુસુફભાઈ ચોકસીના જન્મદિન પ્રસંગે ભરમા પ્રાથમિક શાળાના ભૂલકાઓને ચીકી અને ફરસાણનું વિતરણ કરવામાંઆવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રવિણભાઈ સેવક મંત્રી, પી.કે. શર્મા, ગિરીશભાઈ ચૌહાણ , પ્રાથમિક શાળાના આચાર્ય હર્ષદભાઈ ચૌહાણ અને સ્ટાફ સીઆરસી રાકેશભાઈ મકવાણા, તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### સરદાર પટેલ યુનિવર્સિટીના વર્ગ-4ના કર્મચારીઓનો વિદાય કાર્યક્રમ યોજાયો



**આણંદ |** સરદાર પટેલ વિશ્વવિદ્યાલયમાં ફરજ બજાવતા વર્ગ-4 સંવર્ગના કર્મચારી પરિવાર દ્વારા વિશ્વવિદ્યાલયમાં પોતાની ફરજમાંથી વયોચિત તથા સ્વૈચ્છિક નિવૃત્ત થયેલા વર્ગ-4ના કર્મચારીના સન્માન માટે વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એમબીએ વિભાગના પ્રોફેસર ડો.રાજુ એમ. રાઠોડ મુખ્ય મહેમાન પદે તથા વહીવટી કર્મચારી મંડળના પ્રમુખ મિલનભાઈ ઈનામદાર, મંત્રી જયેશભાઈ શાહના મહેમાન પદે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની શરૂઆતમાં વર્ષ દરમ્યાન અવસાન પામેલ કર્મચારી મિત્રોને યાદ કરી તેમના માનમાં બે મીનીટસનું મૌન પાળ્યું હતું. નિવૃત્ત થયેલા કર્મચારી ડાહીબેન મહીડા, ઉદેસિંહભાઈ સોલંકી, લાલજીભાઈ પરમાર, ગોવિંદભાઈ રાઠવા તથા સ્વૈચ્છિક નિવૃત્તિ લેનાર સંજયભાઈ મેકવાન તથા સ્વ.મડીયાભાઇ રાઠવાને આયોજકોએ પુષ્પગુચ્છ તથા મોમેન્ટો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

### આજણવા ગામે 'બેટી બચાવો બેટી પઢાવો' અંતર્ગત મહિલા જાગૃતિ સેમીનાર યોજાયો



**ખાનપુર |** મહીસાગર જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા 'બેટી બચાવો બેટી પઢાવો' યોજના અંતર્ગત ગોધર તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલા આજણવા ગામ ખાતે મહિલાઓ માટે એક વિશેષ જાગૃતિ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જાતિગત સંવેદનશીલતા અને બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ જેવા મહત્વના વિષયો પર ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. આ સેમીનાર દરમિયાન જિલ્લા મહિલા અને બાળ અધિકારી દ્વારા મહિલા કલ્યાણ અને સુરક્ષાને લગતી વિવિધ સરકારી યોજનાઓની વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી.